## ૭.૮ જૈન યંત્રો અને આરાધના-સિદ્ધચક્રજી

શ્રી જૈનશાસનમાં અરિહંત આદિ નવ પદો પરમતત્ત્વ રૂપ છે. આ નવ પદો જ પરમાર્થરૂપ છે. કારણ કે આ નવપદોની આરાધનાથી જ જીવો કલ્યાણ પામે છે. નવપદોની આરાધના વિના કોઈ પણ જીવનું કલ્યાણ થતું નથી. આથી કલ્યાણકાંક્ષી દરેકે આ નવ પદોની વિધિ મુજબ આરાધના કરવી જોઈએ.

જૈનશાસનમાં આસો અને ચૈત્ર માસમાં ઓળીના નવ દિવસોમાં આયંબિલનો તપ આદિ વિધિપૂર્વક અરિહંત આદિ નવ પદોની આરાધના કરવામાં આવે છે. કલ્યાણકાંક્ષી દરેકે બંને ઓળીમાં નવ પદોની આરાધના જીવન પર્યંત કરવી જોઈએ. જીવન પર્યંત ન બની શકે તો પણ લાગલગાટ સાડા ચાર વર્ષ સુધી (નવ ઓળી સુધી) તો અવશ્ય કરવી જોઈએ. સાડા ચાર વર્ષ સુધી આરાધના કરવા ઈચ્છનારે સાડા ચાર વર્ષની ગણતરી આસો માસની ઓળીથી કરવી જોઈએ. તિથિની વધઘટ ન હોય તો સુદ સાતમથી, તિથિની વધ-ઘટ હોય તો સુદ છઠ્ઠ કે આઠમથી ઓળીની શરૂઆત થાય છે.

નવપદનો દરરોજનો વિધિ

(૧) ઓછામાં ઓછો આયંબિલનો તપ. (૨) ભૂમિમાં સંથારા ઉપર શયન. (૩) બ્રહ્મચર્યનું પાલન. (૪) સર્વપ્રકારના વાહનનો ત્યાગ. (૫) સવાર-સાંજ પ્રતિક્રમણ. (૬) બે ટાઈમ પડિલેહણ. (૭) ત્રિકાળ દેવવંદન. (૮) સવાર-સાંજ ગુુરુવંદના. (૯) જિનેશ્વરની સ્નાત્રપૂજા તથા અષ્ટપ્રહરી પૂજા. (૧૦) તે પદના ગુણોની સંખ્યા પ્રમાણે સ્વસ્તિક, કાઉસ્સગ્ગ ખમાસમણ-પ્રદક્ષિણા. (૧૧) જુદા જુદા નવ દહેરાસરે અગર નવ પ્રતિમાજી સન્મુખ નવ ચૈત્વવંદન.

નવ દિવસોમાં દરરોજ ક્રમશઃ નીચે મુજબ કાર્યક્રમ રાખવાથી વિધિનું પાલન સારી રીતે થઈ શકે છે.

ઓળીના દિવસોમાં દરરોજનો ક્રમશઃ કાર્યક્રમ

૧. ચાર ઘડી રાત્રિ બાકી હોય ત્યારે ઉઠીને રાત્રિ પ્રતિક્રમણ કરવું.

૨. પદના ગુણની સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

૩. લગભગ સૂર્યોદય વખતે પડિલેહણ કરવું.

૪. આઠ થોયો વડે સવારનું દેવવંદન કરવું.

૫. સિદ્ધચક્રજીના યંત્રની વાસક્ષેપથી પૂજા કરવી.

૬. જુદા જુદા નવ દહેરાસરે અથવા જુદા જુદા નવ પ્રતિમાજી સન્મુખ નવ ચૈત્યવ્દન કરવાં.

૭. ગુરુવંદન અને વ્યાખ્યાન શ્રવણ કરી પચ્ચક્ખાણ કરવું.

૮. સ્નાન કરીને જિનેશ્વરની સ્નાત્રપૂજા તથા અષ્ટપ્રકારી પૂજા કરવી. પછી આરતી-મંગળદીવો ઉતારી પ્રભુના ન્હવણજળથી શાંતિકલશ ભણાવવો.

૯. જે પદના જેટલા ગુણ હોય તેટલા સ્વસ્તિક કરીને તેના ઉપર ફ્લ અને નૈવેદ્ય યથાશક્તિ ચઢાવવાં.

૧૦. આઠ થોયોથી બપોરનું દેવવંદન કરવું.

૧૧. દરેક પદના ગુણો હોય તેટલી પ્રદક્ષિણા આપી તેટલાં ખમાસમણ દેવાં.

૧૨. સ્વસ્થાને આવી પચ્ચક્ખાણ પારી આયંબિલ કરવું.

૧૩. આયંબિલ કર્યા પછી ત્યાં જ તિવિહારનું પચ્ચક્ખાણ કરવું.

૧૪. સ્વસ્થાને આવી તુરત ચૈત્યવંદન કરવું.

૧૫. સાંજે (સૂર્યાસ્ત પહેલાં) પડિલેહણ કરી આઠ થોયોથી સાંજનું દેવવંદન કરવું.

૧૬. દેરાસરે દર્શન કરી આરતી-મંગલદીવો કરવો.

૧૭. દૈવસિક પ્રતિક્રમણ કરવું.

૧૮. જે દિવસે જે પદની આરાધના હોય તેની વીસ નવકારવાળી ગણવી.

૧૯. રાત્રે શ્રીપાળ રાજાનો રાસ સાંભળવો.

૨૦. સુવાના સમયે સંથારા પોરિસી સૂત્રની ગાથાઓ ભાવી સંથારે શયન કરવું.

દરેક દિવસના પદ આદિની સમજ

દિવસ પદ જાપ વર્ણ એક ધાન્ય કા.સા.પ્ર.ખ. નવ૦

પહેલો અરિહંત ૐ હ્રીં નમો અરિહંતાણં સફેદ ચોખા ૧૨ ૨૦

બીજો સિદ્ધ ૐ હ્રીં નમો સિદ્ધાણં લાલ ઘઉં ૮ ૨૦

ત્રીજો  આચાર્ય  ૐ હ્રીં નમો આયરિયાણં પીળો ચણા ૩૬ ૨૦

ચોથો ઉપાધ્યાય ૐ હ્રીં નમો ઉવજઝાયાણં લીલો મગ ૨૫ ૨૦

પાંચમો  સાધુ ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં કાળો અડદ ૨૭ ૨૦

છઠ્ઠો દર્શન ૐ હ્રીં નમો દંસણસ્સ સફેદ ચોખા ૬૭ ૨૦

સાતમો જ્ઞાન ૐ હ્રીં નમો નાણસ્સ સફેદ ચોખા ૫૧ ૨૦

આઠમો ચરિત્ર ૐ હ્રીં નમો ચારિત્તસ્સ સફેદ ચોખા ૭૦ ૨૦

નવમો તપ ૐ હ્રીં નમો તવસ્સ સફેદ ચોખા ૫૦ ૨૦

નવપદના દુહા અને ગુણો

(પહેલો દિવસ) અરિહંતપદનો દુહો

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણપજજાય રે, ભેદ છેદ કરી આતમા, અરિહંત રૂપી થાય રે (૧)

વીર જિણેસર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઈ રે, આતમધ્યાને આતમા, રિદ્ધિ મલે સવિ આઈ રે (૨)

અરિહંત પદના બાર ગુણ ઃ- ૧. અશોકવૃક્ષ પ્રાતિહાર્ય સંયુતાય શ્રી અરિહંતાય નમઃ, ૨. પુષ્પવૃષ્ટિ પ્રાતિહાર્ય સંયુતાય શ્રીઅ૦, ૩. દિવ્યધ્વનિ પ્રાતિહાર્ય સંયુતાય શ્રીઅ૦, ૪. ચામરયુગ્મ પ્રાતિહાર્ય સંયુતાય શ્રીઅ૦, ૫. સ્વર્ણસિંહાસન પ્રાતિહાર્ય સંયુતાય શ્રીઅ૦, ૬. ભામણ્ડલ પ્રાતિહાર્ય સંયુતાય શ્રીઅ૦, ૭. દુદુંભિ પ્રાતિહાર્ય સંયુતાય શ્રીઅ૦, ૮. છત્રત્રય પ્રાતિહાર્ય સંયુતાય શ્રીઅ૦, ૯. જ્ઞાનાતિશય સંયુતાય શ્રીઅ૦, ૧૦. પૂજાતિશય સંયુતાય શ્રીઅ૦, ૧૧. વચનાતિશય સંયુતાય શ્રીઅ૦, ૧૨. અપાયાપગમાતિશય સંયુતાય શ્રીઅ૦.

(બીજો દિવસ) સિદ્ધપદનો દુહો ઃ

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ-નાણી રે, તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણીરે-વીર૦

સિદ્ધપવના આઠ ગુણ ઃ ૧. અનંતજ્ઞાન સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ, ૨. અનંતદર્શન સંયુતાય શ્રીસિ૦, ૩. અવ્યાબાધ ગુણ સંયુતાય શ્રીસિ૦, ૪. અનંતચારિત્ર સંયુતાય શ્રીસિ૦, ૫. અક્ષયસ્થિતિ ગુણ સંયુતાય શ્રીસિ૦, ૬. અરૂપિ નિરંજન ગુણ સંયુતાય શ્રીસિ૦, ૭. અગુરુલઘુ ગુણ સંયુતાય શ્રીસિ૦, ૮. અનંતવીર્ય ગુણ સંયુતાય શ્રીસિ૦.

(ત્રીજો દિવસ) આચાર્યપદનો દુહો

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે, પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે - વીર૦

આચાર્યપદના ૩૬ ગુણ ઃ ૧. પ્રતિરૂપગુણ સંયુતાય શ્રી આચાર્યાય નમઃ, ૨. સૂર્યવત્તતેજસ્વિ ગુણ સંયુતાય શ્રી આ૦, ૩. યુગપ્રધાનગમ સંયુતાય શ્રી આ૦, ૪. મધુરવાક્ય ગુણ સંયુતાય શ્રી આ૦, ૫. ગાંભીર્યગુણ સંયુતાય શ્રી આ૦, ૬. ધૈર્ય ગુણ સંયુતાય શ્રી આ૦, ૭. ઉપદેશગુણ સંયુતાય શ્રી આ૦, ૮. અપરિશ્રાવિગુણ સંયુતાય શ્રી આ૦, ૯. સૌમ્યપ્રકૃતિગુણ સંયુતાય શ્રી આ૦, ૧૦. શીલગુણ સંયુતાય શ્રી આ૦, ૧૧. અવિગ્રહગુણ સંયુતાય શ્રી આ૦, ૧૨. અવિકથકગુણ સંયુતાય શ્રી આ૦, ૧૩. અચપલગુણ

સંયુતાય શ્રી આ૦, ૧૪. પ્રસન્નવદન ગુણ સંયુતાય શ્રી આ૦, ૧૬. ઋજુગુણ સંયુતાય શ્રી આ૦, ૧૭. મૃદુગુણ સંયુતાય શ્રી આ૦, ૧૮. સર્વાંગમુક્તિગુણ સંયુતાય શ્રી આ૦, ૧૯. દ્વાદશવિધતપોગુણ સંયુતાય શ્રી આ૦, ૨૦. સપ્તદશવિધસંયમગુણ સંયુતાય શ્રી આ૦, ૨૧. સત્યવ્રતગુણ સંયુતાય શ્રી આ૦, ૨૨. શૌર્યગુણ સંયુતાય શ્રી આ૦, ૨૩. અકિંચનગુણ સંયુતાય શ્રી આ૦, ૨૪. બ્રહ્મચર્યગુણ સંયુતાય શ્રી આ૦, ૨૫. અનિત્યભાવના ભાવકાર શ્રી આ૦, ૨૬. અશરણ ભાવના ભાવકાય શ્રી આ૦, ૨૭. સંસારસ્વરૂપ ભાવના ભાવકાય શ્રી આ૦, ૨૮. એકત્વભાવના ભાવકાય શ્રી આ૦, ૨૯. અન્યત્વ ભાવના ભાવકાય શ્રી આ૦, ૩૦. અશુચિભાવના ભાવકાય શ્રી આ૦, ૩૧. આશ્રવભાવના ભાવકાય શ્રી આ૦, ૩૨. સંવરભાવના ભાવકાય શ્રી આ૦, ૩૩. નિર્જરા ભાવના ભાવકાય શ્રી આ૦, ૩૪. લોકસ્વરૂપભાવના ભાવકાય શ્રી આ૦, ૩૫. બોધિદુર્ભભાવના ભાવકાય શ્રી આ૦, ૩૬. ધર્મદુર્લભ ભાવના ભાવકાય શ્રી આ૦.

(ચોથો દિવસ) ઉપાધ્યાય પદનો દુહો

તપ સજઝાયે રત સદા, દ્વાદશ અંગનો ધ્યાતા રે, ઉપાધ્યાય તે આતમા, જગ બંધવ જગ ભ્રાતા રે - વીર ૦

ઉપાધ્યાયપદના ૨૫ ગુણ ઃ ૧. શ્રી આચારાંગસૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉપાધ્યાય નમઃ, ૨. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૩. શ્રી સ્થાનાંગસૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૪. શ્રી સમવાયાંગ સૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૫. શ્રી ભગવતી સૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૬. શ્રી જ્ઞાતાસૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૭. શ્રી ઉપાસક દશા સૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૮. શ્રી અન્તકૃદ્ દશા સૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૯. શ્રી અનુત્તરૌપપાતિક સૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૦. શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૧. શ્રી વિપાકસૂત્ર પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૨. ઉત્પાદપૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૩. અગ્રાયણીય પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૪. વીર્યપ્રવાદ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૫. અસ્તિપ્રવાદ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૬. જ્ઞાનપ્રસાદ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૭. સત્યપ્રવાદ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦,

૧૮. આત્મપ્રવાદ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૧૯. કર્મપ્રવાદ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૨૦. પ્રત્યાખ્યાન પ્રવાદ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૨૧. વિદ્યાપ્રવાદ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૨૨. કલ્યાણ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૨૩. પ્રાણાવાય પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૨૪. ક્રિયાવિશાલ પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉ૦, ૨૫. લોકબિન્દુસાર પૂર્વ પઠનગુણ સંયુક્તાય શ્રી ઉપાધ્યાય નમઃ

(પાંચમો દિવસ) સાધુપદનો દુહો

અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે, સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે - વી૨૦

સાધુ પદના ૨૭ ગુણ ઃ ૧. પ્રાણાતિપાત વિરમણ વ્રત યુક્તાય શ્રી સાધવે નમઃ, ૨. મૃષાવાદ વિરમણ વ્રત યુક્તાય શ્રી સા૦, ૩. અદત્તાદાન વિરમણ વ્રત યુક્તાય શ્રી સા૦, ૪. મૈથુનવિરમણ વ્રત યુક્તાય શ્રી સા૦, ૫. પરિગ્રહ વિરમણ વ્રત યુક્તાય શ્રી સા૦, ૬. રાત્રિભોજન વિરમણ વ્રત યુક્તાય શ્રી સા૦, ૭. પૃથ્વીકાય રક્ષકાય શ્રી સા૦, ૮. અપ્કાયરક્ષકાય શ્રી સા૦, ૯. તેજસ્કાય રક્ષકાય શ્રી સા૦, ૧૦. વાયુકાય રક્ષકાય શ્રી સા૦, ૧૧. વનસ્પતિકાય રક્ષકાય શ્રી સા૦, ૧૨. ત્રસકાય રક્ષકાય શ્રી સા૦, ૧૩. એકેન્દ્રિય રક્ષકાય શ્રી સા૦, ૧૪. દ્વીન્દ્રિય રક્ષકાય શ્રી સા૦, ૧૫. ત્રીન્દ્રિય રક્ષકાય શ્રી સા૦, ૧૬. ચતુરિન્દ્રિય રક્ષકાય શ્રી સા૦, ૧૭. પંચેન્દ્રિય રક્ષકાય શ્રી સા૦, ૧૮. લોભનિગ્રહ કારકાય શ્રી સા૦, ૧૯. ક્ષમાગુણયુક્તાય શ્રી સા૦, ૨૦. શુભ ભાવના ભાવકાય શ્રી સા૦, ૨૧. પ્રતિલેખનાદિ શુદ્ધ ક્રિયા કારકાય શ્રી સા૦, ૨૨. સંયમયોગમુક્તાય શ્રી સા૦, ૨૩. મનોગુપ્તિયુક્તાય શ્રી સા૦, ૨૪. વચનગુપ્તિયુક્તાય શ્રી સા૦, ૨૫. કાયગુપ્તિકાય શ્રી સા૦, ૨૬. ક્ષુધાદિદ્વાવિંશતિ પરિસહસહન તત્પરાય શ્રી સા૦, ૨૭. મરણાન્ત ઉપસર્ગ સહનત્પરાય શ્રી સા૦.

(છઠ્ઠો દિવસ) દર્શનપદનો દુહો

શમ-સંવેગાદિક ગુણ, ક્ષય ઉપશમ જે આવે રે, દર્શન તેહીજ આતમા, શું હોય નામ ધરાવે રે. (વી૨૦)

દર્શનપદના ૬૭ ગુણ ઃ ૧. પરમાર્થસંસ્તવરૂપ શ્રી સદ્દર્શનાય નમઃ, ૨. પરમાર્થજ્ઞાતૃસેવનરૂપ શ્રીસ૦,

૩. વ્યાપન્નદર્શનવર્જન રૂપ શ્રીસ૦, ૪. કુદર્શનવર્જન રૂપ શ્રીસ૦, ૫. શુશ્રૂષારૂપ શ્રીસ૦, ૬. ધર્મરાગ રૂપ શ્રીસ૦, ૭. વૈયાવૃત્ત્ય રૂપ શ્રીસ૦, ૮. અર્હદ્ વિનય રૂપ શ્રીસ૦, ૯. સિદ્ધ વિનય રૂપ શ્રીસ૦, ૧૦. ચૈત્ય વિનય રૂપ શ્રીસ૦, ૧૧. શ્રુત વિનય રૂપ શ્રીસ૦, ૧૨. ધર્મ વિનય રૂપ શ્રીસ૦, ૧૩. સાધુવર્ગ વિનય રૂપ શ્રીસ૦, ૧૪. આચાર્ય વિનય રૂપ શ્રીસ૦, ૧૫. ઉપાધ્યાય વિનય રૂપ શ્રીસ૦, ૧૬. પ્રવચન વિનય રૂપ શ્રીસ૦, ૧૭. દર્શન વિનય રૂપ શ્રીસ૦, ૧૮. 'સંસારે શ્રીજિનઃ સારઃ' ઈતિ ચિંતન રૂપ શ્રીસ૦, ૧૯. 'સંસારે શ્રીજિનમતંઃ સારમ્' ઈતિ ચિંતન રૂપ શ્રીસ૦, ૨૦. 'સંસારે શ્રીજિનમત સ્થિત શ્રી સાધ્વાદિસારમ્' ઈતિ ચિંતન રૂપ શ્રીસ૦, ૨૧. શંકાદૂષણ રહિતાય શ્રીસ૦, ૨૨. કાંક્ષાદૂષણરહિતાય શ્રીસ૦, ૨૩. વિચિકિત્સાદૂષણ રહિતાય શ્રીસ૦, ૨૪. કુદૃષ્ટિપ્રશંસા દૂષણ રહિતાય શ્રીસ૦, ૨૫. તત્પરિચયદૂષણ રહિતાય શ્રીસ૦, ૨૬. પ્રવચન પ્રભાવક રૂપ શ્રીસ૦, ૨૭. ધર્મકથા પ્રભાવક રૂપ શ્રીસ૦, ૨૮. વાદિપ્રભાવક રૂપ શ્રીસ૦, ૨૯. નૈમિત્તિકપ્રભાવક રૂપ શ્રીસ૦, ૩૦. તપસ્વિ પ્રભાવક રૂપ શ્રીસ૦, ૩૧. પ્રજ્ઞપ્ત્યાદિ વિદ્યાભૃત્ પ્રભાવક રૂપ શ્રીસ૦, ૩૨. ચૂર્ણાજનાદિ સિદ્ધ પ્રભાવક રૂપ શ્રીસ૦,

૩૩. કવિ પ્રભાવક રૂપ શ્રીસ૦, ૩૪. જિનશાસને કૌશલ્ય ભૂષણ રૂપ શ્રીસ૦, ૩૫. પ્રભાવના ભૂષણ રૂપ શ્રીસ૦, ૩૬. તીર્થસેવા ભૂષણ રૂપ શ્રીસ૦, ૩૭. સ્થૈર્ય ભૂષણ રૂપ શ્રીસ૦, ૩૮. જિનશાસને ભક્તિ ભૂષણ રૂપ શ્રીસ૦, ૩૯. ઉપશમ ગુણ રૂપ શ્રીસ૦, ૪૦. સંવેગગુણ રૂપ શ્રીસ૦, ૪૧. નિર્વેદગુણ રૂપ શ્રીસ૦, ૪૨. અનુકંપાગુણ રૂપ શ્રીસ૦, ૪૩. આસ્તિક્યગુણ રૂપ શ્રીસ૦, ૪૪. પરર્તીિથકાદિવંદન વર્જન રૂપ શ્રીસ૦, ૪૫. પરર્તીિથકાદિ નમસ્કાર વર્જન રૂપ શ્રીસ૦, ૪૬. પરર્તીિથકાદિ આલાપ વર્જન રૂપ શ્રીસ૦, ૪૭. પરર્તીિથકાદિ સંલાપ વર્જન રૂપ શ્રીસ૦, ૪૮. પરર્તીિથકાદિ અશનાદિ દાન વર્જન રૂપ શ્રીસ૦, ૪૯. પરર્તીિથકાદિ આલાપ વર્જન રૂપ શ્રીસ૦, ૫૦. રાજાભિયોગાગાર યુક્ત શ્રીસ૦, ૫૧. ગણાભિયોગાગાર યુક્ત શ્રીસ૦, ૫૨. બલાભિયોગાગારયુક્ત શ્રીસ૦, ૫૩. સુરાભિયોગાગાર યુક્ત શ્રીસ૦, ૫૪. કાંતારવૃત્ત્યાંગાર યુક્ત શ્રીસ૦, ૫૫. ગુરુનિગ્રહાગાર યુક્ત શ્રીસ૦, ૫૬. 'સમ્યક્ત્વં ચારિત્રધર્મસ્ય મૂલમ' ઈતિ ચિંતનરૂપ શ્રી સ૦, ૫૭. 'સમ્યક્ત્વં ધર્મપુરસ્ય દ્વારમ્' ઈતિ ચિંતન રૂપ શ્રીસ૦, ૫૮. 'સમ્યક્ત્વં ધર્મસ્ય પ્રતિષ્ઠાનમ્' ઈતિ ચિંતન રૂપ શ્રીસ૦, ૫૯. 'સમ્યક્ત્વં ધર્મસ્યાધારઃ' ઈતિ ચિંતન રૂપ

શ્રીસ૦, ૬૦. 'સમ્યક્ત્વં ધર્મસ્ય' ભાજનમ્ ઈતિ ચિંતન રૂપ શ્રીસ૦, ૬૧. 'સમ્યક્ત્વં ધર્મસ્ય નિધિ સન્નિભમ્' ઈતિ ચિંતન રૂપ શ્રીસ૦, ૬૨. 'અસ્તિ જીવઃ' ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસ૦, ૬૩. 'સ ચ જીવઃ કર્માણિ કરોતિ' ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસ૦, (૬૫) 'સ ચ જીવઃ સ્વકૃતકર્માણિ વેદયતિ ઈતિ શ્રદ્ધાનસ્થાન યુક્ત શ્રીસ૦, (૬૬) 'જીવસ્યાસ્તિ નિર્વાણમ્' ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસ૦, (૬૭) 'અસ્તિ મોક્ષોપાયઃ' ઈતિ શ્રદ્ધાનસ્થાનયુક્ત શ્રીસ૦

(સાતમો દિવસ) જ્ઞાનપદનો દુહો

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે, તો હુએ એહીજ આતમા, જ્ઞાને અબોધતા જાય રે - વીર૦

જ્ઞાનપદના ૫૧ ગુણ ઃ ૧. સ્પર્શનેન્દ્રિય વ્યઞ્જનાવગ્રહ મતિજ્ઞાનાય નમઃ, ૨. રસનેન્દ્રિય વ્યઞ્જનાવગ્રહ મતિ૦, ૩. ધ્રાણેેન્દ્રિય વ્યઞ્જનાવગ્રહ મતિ૦, ૪. શ્રોતેેન્દ્રિય વ્યઞ્જનાવગ્રહ મતિ૦, ૫. સ્પર્શનેેન્દ્રિય વ્યઞ્જનાવગ્રહ મતિ૦, ૬. રસનેેન્દ્રિય વ્યઞ્જનાવગ્રહ મતિ૦, ૭. ધ્રાણેન્દ્રિય-અર્થાવગ્રહ મતિ૦, ૮. ચક્ષુરિન્દ્રિય-અર્થાવગ્રહ મતિ૦, ૯. શ્રોતેન્દ્રિય-અર્થાવગ્રહ મતિ૦, ૧૦. માનસ-અર્થાવગ્રહ મતિ૦, ૧૧. સ્પર્શનેન્દ્રિય-ઈહામતિ૦, ૧૨. રસનેેન્દ્રિય-ઈહામતિ૦, ૧૩. ધ્રાણેેન્દ્રિય-ઈહામતિ૦, ૧૪. ચક્ષુરેિન્દ્રિય-ઈહામતિ૦, ૧૫. શ્રોતેેન્દ્રિય-ઈહામતિ૦, ૧૬. મન ઈહામતિ૦, ૧૭. સ્પર્શનેેન્દ્રિય-ઈહામતિ૦, ૧૮. રસનેેન્દ્રિય-અપાય મતિ૦, ૧૯. ધ્રાણેન્દ્રિય-અપાય મતિ૦, ૨૦. ચક્ષુરિન્દ્રિય-અપાય મતિ૦, ૨૧. શ્રોતેન્દ્રિય-અપાય મતિ૦, ૨૨. મનોઅપાય મતિ૦, ૨૩. સ્પર્શેનેન્દ્રિય ધારણા મતિ૦, ૨૪. રસનેન્દ્રિય ધારણા મતિ૦, ૨૫. ધ્રાણેેન્દ્રિય ધારણા મતિ૦, ૨૬. ચક્ષુરિન્દ્રિય ધારણા મતિ૦, ૨૭. શ્રોતેેન્દ્રિય ધારણા મતિ૦, ૨૮. મનોધારણા મતિ૦, ૨૯. અક્ષર શ્રુત જ્ઞાનાય નમઃ, ૩૦. અનક્ષર શ્રુત જ્ઞા૦, ૩૧. સંજ્ઞિશ્રુતજ્ઞા૦, ૩૨. અસંજ્ઞિશ્રુત જ્ઞા૦, ૩૩. સમ્યક્શ્રુત જ્ઞા૦, ૩૪. મિથ્યાશ્રુત જ્ઞા૦, ૩૫. સાદિશ્રુત જ્ઞા૦, ૩૬. અનાદિ-શ્રુત જ્ઞા૦, ૩૭. સપર્યવસિત શ્રુત જ્ઞા૦, ૩૮. અપર્યવસિત શ્રુત જ્ઞા૦, ૩૯. ગમિકશ્રુત જ્ઞા૦, ૪૦. અગમિક શ્રુત જ્ઞા૦, ૪૧. અંગ પ્રવિષ્ટ શ્રુત જ્ઞા૦, ૪૨. અનંગ પ્રવિષ્ટ શ્રુત જ્ઞા૦, ૪૩. અનુગામિ અવધિજ્ઞા૦, ૪૪. અનનુગામિ અવધિજ્ઞા૦, ૪૫. વર્ધમાન

અવધિજ્ઞા૦, ૪૬. હીયમાન અવધિજ્ઞા૦, ૪૭. પ્રતિપાતિ અવધિજ્ઞા૦, ૪૮. અપ્રતિપાતિ અવધિજ્ઞા૦, ૪૯. ઋજુમતિમનઃ પર્યવજ્ઞા૦, ૫૦. વિપુલમતિ મનઃપર્યવજ્ઞા૦, ૫૧. લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાન નમઃ

(આઠમો દિવસ) ચારિત્રપદનો દુહો

જાણ ચરિત્ર તે આતમા, નિજ સ્વભાવમાં રમતો રે, લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ નભતો રે - વીર ૦

ચારિત્ર પદના ૭૦ ગુણ ઃ ૧. પ્રાણાતિપાત વિરમણ રૂપ ચારિત્રાય નમઃ, ૨. મૃષાવાદ વિરમણ રૂપ ચા૦,

૩. અદત્તાદાન વિરમણરૂપ ચા૦, ૪. મૈથુન વિરમણરૂપ ચા૦, ૫. પરિગ્રહ વિરમણરૂપ ચા૦, ૬. ક્ષમા ધર્મરૂપ ચા૦, ૭. આર્જવ ધર્મરૂપ ચા૦, ૮. મૃદુતા ધર્મરૂપ ચા૦, ૯. મુક્તિ ધર્મરૂપ ચા૦, ૧૦. તમો ધર્મરૂપ ચા૦,

૧૧. સંયમ ધર્મરૂપ ચા૦, ૧૨. સત્ય ધર્મરૂપ ચા૦, ૧૩. શૌચધર્મરૂપ ચા૦, ૧૪. અકિંચન ધર્મરૂપ ચા૦,

૧૫. બ્રહ્મચર્ય રૂપ ચા૦, ૧૬. પૃથ્વીરક્ષા સંયમ ચા૦, ૧૭. ઉદમ રક્ષા સંયમ ચા૦, ૧૮. તેજોરક્ષા સંયમ ચા૦, ૧૯. વાયુરક્ષા સંયમ ચા૦, ૨૦. વનસ્પતિ રક્ષા સંયમ ચા૦, ૨૧. દ્વીન્દ્રિય રક્ષા સંયમ ચા૦, ૨૨. ત્રીન્દ્રિય રક્ષા સંયમ ચા૦, ૨૩. ચતુરિન્દ્રિય રક્ષા સંયમ ચા૦, ૨૪. પંચેન્દ્રિય રક્ષા સંયમ ચા૦, ૨૫. અજીવ રક્ષા સંયમ ચા૦, ૨૬. પ્રેક્ષા સંયમ ચા૦, ૨૭. ઉપેક્ષા સંયમ ચા૦, ૨૮. અતિરિક્તવસ્ત્ર ભક્તાદિ પરિસ્થાપન ત્યાગરૂપ સંયમ ચા૦, ૨૯. પ્રમાર્જનરૂપ સંયમ ચા૦, ૩૦. મનઃ સંયમ ચા૦, ૩૧. વાક્ સંયમ ચા૦, ૩૨. કાય સંયમ ચા૦, ૩૩. આચાર્ય વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૩૪. ઉપાધ્યાય વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૩૫. તપસ્વિ વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૩૬. લઘુ શિષ્યાદિ વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૩૭. ગ્લાનસાધુ વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૩૮. સાધુ વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૩૯. શ્રમણોપાસક વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૪૦. સંઘ વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૪૧. કુલ વૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૪૨. ગણવૈયાવૃત્ત્યરૂપ ચા૦, ૪૩. પશુપણ્ડકાદિરહિત વસતિવસન બ્રહ્મગુપ્તિ ચા૦, ૪૪. સ્ત્રી હાસ્યાદિવિકાર વર્જન બ્રહ્મગુપ્તિ ચા૦, ૪૫. સ્ત્રી આસન વર્જન બ્રહ્મગુપ્તિ ચા૦, ૪૬. સ્ત્રી-અઙ્ગોપઙ્ગ નિરીક્ષણ વર્જન બ્રહ્મગુપ્તિ ચા૦, ૪૭. કુડ્યન્તર સ્થિત સ્ત્રી હાવભાવ શ્રવણ

વર્જન બ્રહ્મગુપ્તિ ચા૦, ૪૮. પૂર્વ સ્ત્રીસંભોગ ચિન્તન વર્જન બ્રહ્મગુપ્તિ ચા૦, ૪૯. અતિરસ આહાર વર્જન બ્રહ્મગુપ્તિ ચા૦, ૫૦. અતિ આહારકરણવર્જન બ્રહ્મગુપ્તિ ચા૦, ૫૧. અંગવિભૂષા વર્જન બ્રહ્મગુપ્તિ ચા૦, ૫૨. અનશન તપોરૂપ ચા૦, ૫૩. ઔનોદર્ય તપોરૂપ ચા૦, ૫૪. વૃત્તિસંક્ષેપ તપોરૂપ ચા૦, ૫૫. રસત્યાગ તપોરૂપ ચા૦, ૫૬. કાયક્લેશ તપોરૂપ ચા૦, ૫૭. સંલેષણા તપોરૂપ ચા૦, ૫૮. પ્રાયશ્ચિત તપોરૂપ ચા૦,

૫૯. વિનય તપોરૂપ ચા૦, ૬૦. વૈયાવૃત્ત્ય તપોરૂપ ચા૦, ૬૧. સ્વાધ્યાય તપોરૂપ ચા૦, ૬૨. ધ્યાન તપોરૂપ ચા૦, ૬૩. કાયોત્સર્ગ તપોરૂપ ચા૦, ૬૪. અનન્ત જ્ઞાન સંયુક્ત ચા૦, ૬૫. અનન્ત દર્શન સંયુક્ત ચા૦, ૬૬. અનન્ત ચારિત્ર સંયુક્ત ચા૦, ૬૭. ક્રોધનિગ્રહ કરણ ચા૦, ૬૮. માનનિગ્રહ કરણ ચા૦, ૬૯. માયાનિગ્રહ કરણ ચા૦, ૭૦. લોભનિગ્રહ કરણ ચારિત્રાય નમઃ

(નવમો દિવસ) તપપદનો દુહો

ઈચ્છારોધે સંવર, પરિણતિ સમતા યોગે રે, તપ તે એહી જ આતમા, વર્તે નિજ ગુણ ભોગે રે ।।। વીર૦ ।।।

તપપદના ૫૦ ગુણો ઃ ૧. યાવત્કથિક તપસે નમઃ, ૨. ઈત્વરકથિક ત૦, ૩. બાહ્ય ઔનાદર્ય ત૦, ૪. અભ્યંતર-ઔનોદર્ય ત૦, ૫. દ્રવ્યતઃ વૃત્તિસંક્ષેપ ત૦, ૬. ક્ષેત્રતઃ વૃત્તિસંક્ષેપ ત૦, ૭. કાલતઃ વૃત્તિસંક્ષેપ ત૦, ૮. ભાવતઃ વૃત્તિસંક્ષેપ ત૦, ૯. કાયક્લેશ ત૦, ૧૦. રસત્યાગ ત૦, ૧૧. ઈન્દ્રિય કષાય-યોગ-વિષય-સંલીનતા ત૦, ૧૨. સ્ત્રી-પશુ-પંડકાદિ-ર્વિજત-સ્થાનાવસ્થિત ત૦, ૧૩. આલોચના-પ્રાયશ્ચિત ત૦, ૧૪. પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત ત૦, ૧૫. મિશ્રપ્રાયશ્ચિત ત૦, ૧૬. વિવેકપ્રાયશ્ચિત ત૦, ૧૭. કાયોત્સર્ગપ્રાયશ્ચિત ત૦, ૧૮. તપઃ પ્રાયશ્ચિત ત૦, ૧૯. છેદ પ્રાયશ્ચિત ત૦, ૨૦. મૂલ પ્રાયશ્ચિત ત૦, ૨૧. અનવસ્થિત પ્રાયશ્ચિત ત૦, ૨૨. પારાંચિત પ્રાયશ્ચિત ત૦, ૨૩. જ્ઞાનવિનયરૂપ ત૦, ૨૪. દર્શનવિનયરૂપ ત૦, ૨૫. ચારિત્ર વિનયરૂપ ત૦, ૨૬. મનોવિનયરૂપ ત૦, ૨૭. વચન વિનયરૂપ ત૦, ૨૮. કાયવિનયરૂપ ત૦, ૨૯. ઉપચાર વિનયરૂપ ત૦, ૩૦. આચાર્ય વૈયાવૃત્ત્ય ત૦, ૩૧. ઉપાધ્યાય વૈયાવૃત્ત્ય ત૦, ૩૨. સાધુ વૈયાવૃત્ત્ય ત૦, ૩૩. તપસ્વિ વૈયાવૃત્ત્ય ત૦, ૩૪. લઘુશિષ્યાદિ વૈયાવૃત્ત્ય ત૦, ૩૫. ગ્લાન

સાધુ વૈયાવૃત્ત્ય ત૦, ૩૬. શ્રમણોપાસક વૈયાવૃત્ત્ય ત૦, ૩૭. સંઘ વૈયાવૃત્ત્ય ત૦, ૩૮. કુલવૈયાવૃત્ત્ય ત૦, ૩૯. ગણ વૈયાવૃત્ત્ય ત૦, ૪૦. વાચના ત૦, ૪૧. પૃચ્છના ત૦, ૪૨. પરાવર્તના ત૦, ૪૩. અનુપ્રેક્ષા ત૦, ૪૪. ધર્મકથા ત૦, ૪૫. આર્તધ્યાનનિવૃત્તિ ત૦, ૪૬. રૌદ્રધ્યાનનિવૃત્તિ ત૦, ૪૭. ધર્મધ્યાન ચિંતન ત૦, ૪૮. શુક્લધ્યાન ચિંતન ત૦, ૪૯. બાહ્ય કાયોત્સર્ગ ત૦, ૫૦. અભ્યંતર કાયોત્સર્ગ ત૦.

છેલ્લા દિવસે નવપદજીની વિસ્તારથી પૂજા ભણાવવી. નવપદમંડલની રચના કરવી. શ્રીપાળ રાજાનો રાસ પૂર્ણ કરવો.

પડિલેહણનો વિધિ

આ પુસ્તકમાં 'છૂટા શ્રાવકોને પડિલેહણ કરવાનો વિધિ' એ શીર્ષક નીચે લખેલા વિધિ પ્રમાણે પડિલેહણ કરવું. દેવ વંદન, પચ્ચક્ખાણ પારવું, આયંબિલ કર્યા પછી ચૈત્યવંદન, પ્રતિક્રમણ વગેરેનો વિધિ આ પુસ્તકમાં બીજા સ્થળે આપવામાં આવેલ છે. અનુક્રમણિકામાંથી જોઈ લેવો.

નવ દિવસોમાં કાઉસ્સગ્ગ કરવાનો વિધિ

ખમાસમણ દઈ, ઈચ્છા૦ 'અરિહંત પદ' આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઈચ્છં, અરિહંત પદ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ કહી જેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો હોય તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી પારીને પ્રગટ લોગસ્સ કહેવો.

પારણાના દિવસનો વિધિ

પારણાના દિવસે ઓછામાં ઓછો બિયાસણાનો તપ કરવો. હંમેશ મુજબ પ્રતિક્રમણ, પડિલેહણ, દેવવંદન, વાસક્ષેપ પૂજા, ગુરુવંદન વગેરે કર્યા પછી સ્નાન કરી સ્નાત્ર તથા સત્તરભેદી પૂજા ભણાવવી. તે દિવસે કાઉસ્સગ્ગ, સાથિયા, પ્રદક્ષિણા નવ નવ કરવા. તથા ખમાસમણાં નવ નવ દેવાં. 'ૐ હ્રીં શ્રીં વિમલેશ્વર-ચક્રેશ્વરી પૂજિતાય શ્રી સિદ્ધચક્રાય નમઃ' એ પદની ૨૦ નવકારવાળી ગણવી.

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતા ન આવે પાર, વાંછિતપૂરે દુઃખ હરે, વંદુ વાર હજાર (૧)

ૐ હ્રીં શ્રીં સિદ્ધચક્રાય નમઃ આ પ્રમાણે બદલી નવ ખમાસમણાં દેવાં.